

ફોકિયા દ્વારા ગાંધીધામ ખાતે યોજાયેલી મિટિંગમાં ઉપસ્થિતોને સંબોધતા અગ્રણીઓ તસવીરમાં નજરે પડે છે.

# કચ્છમાં વીજ ઉત્પાદક ક્ષેત્રો માટે પ્લેટફોર્મ જરૂરી

ગાંધીધામ, તા. ૧૪ : ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીસ એસોસીએશન) કચ્છની પાવર ઉત્પાદક ક્ષેત્રોની પ્રવૃત્તિઓને મજબૂત કરવા અને આ ક્ષેત્રના ભવિષ્યમાં વિકાસ કરવા માટેની મિટિંગ ગાંધીધામ ખાતે મળી હતી. જેમાં કચ્છના પાવર ઉદ્યોગોની સાથે જોડાયલા તમામ એન્જિનિયરો, ગેટકો, પી.જી.વી.સી.એલ., કોલેજો તથા વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓએ ભાગ લઇ મંતવ્યો રજૂ કર્યા હતા.

પ્રારંભે અદાણીના પાવર ટ્રેનિંગ રિસર્ચ વિભાગના ડી.જી.એમ. દિલીપકુમાર દેએ કહ્યું કે કચ્છ ક્ષેત્રફળની દ્રષ્ટીએ બહુ વિશાળ છે પરંતુ વસ્તીની ગીચતા બહુ ઓછી છે. છતાં પાવર ઉત્પાદનમાં દેશમાં સારું એવું સ્થાન ધરાવે છે. ટાટા પાવર અને અદાણી પાવર જેવી મોટી કંપનીઓ અહીં પોતાના પ્લાન્ટ ધરાવે છે એ કચ્છ માટે ગર્વની વાત છે. તેથી કચ્છના

## ગાંધીધામ ખાતે ફોકિયા દ્વારા મિટિંગ યોજાઇ : કંપનીના અગ્રણીઓ જોડાયા

એન્જિનિયરોને તથા કચ્છના વિવિધ ઉદ્યોગો માટે પણ એવું કોઇ પ્લેટફોર્મ હોવું જોઈએ જ્યાં પાવર ઉત્પાદક ક્ષેત્રોની પ્રવૃત્તિઓને મજબૂત તથા તેના પ્રશ્નોના નિરાકરણ લાવી શકાય.

ઓપન હાઉસ ડિસ્કસમાં સી.જી.પી.એલ.ના ઈ.એમ.ડી. હેડ જગમીત સીંઘ સિધુએ પાવર ઉત્પાદક કંપનીઓને કેવી રીતે મદદરૂપ થઇ શકાય. તે અંગે માહિતી આપતાં જણાવ્યું કે, વડોદરામાં પાવર એન્જિનિયરો માટે જો આ સંસ્થાન છેલ્લા ૨૦ વર્ષોથી કાર્યરત છે અને ખૂબ લાભકારક નીવડી છે ત્યારે કચ્છમાં પણ ચાલુ કરવાની જરૂર છે. અન્ય કોલેજો, ઉદ્યોગોના પ્રતિનિધિઓએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ફોકિયા વતી તેમના મેનેજિંગ ડાયરેક્ટર નિમેશ ફડકેએ જણાવ્યું કે, સોસાયટી ઓફ પાવર એન્જિનિયરિંગ કચ્છના પાવર ઉત્પાદક ક્ષેત્રોને તથા અહીંના ઈલેક્ટ્રીકલ એન્જિનિયરોને ખૂબ ફાયદાકારક નીવડશે. આયોજનનો સાર જણાવતાં ફોકિયાના એક્ઝીક્યુટિવ મેનેજર રાધિકા ઠક્કરએ જણાવ્યું કે કચ્છમાંથી ૧૧૦૦૦ મેગાવોટ વિદ્યુત જનરેટ થાય છે અને જો આ ફોરમની રચના થાય તો બધા જ એન્જિનિયરો, ગેટકો, પી.જી.વી.સી.એલ., કોલેજો તથા કચ્છના વિવિધ પાવર ઉદ્યોગોને એક સારું પ્લેટફોર્મ મળશે. એમણે વધુમાં કહ્યું કે બધા પ્રતિનિધિઓએ આ ફોરમની રચના કરવા માટે સકારાત્મક વલણ બતાવ્યું છે અને સહમતી સાથે શાખા કચ્છમાં ટૂંક સમયમાં ચાલુ કરીશું અને તે માટે ફોકિયા પૂરે પૂરો સહયોગ આપશે. આ મિટિંગમાં કચ્છ જિલ્લાના કુલ ૪૫ એન્જિનિયરો તથા અદાણી પાવર, સીજીપીએલ, ટાટા પાવર, સુઝલોન, આશાપુરા જેવી કંપનીઓ તથા તોલાણી પોલીટેકનિક આદિપુર, એચ.જે.ડી. કેરાના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સંચાલન કલ્પેશભાઈ વાઘેલા, સુનીલ નાયરે, જાવેદ નોડે અને અનીશ શેખએ વ્યવસ્થા સાંભળી હતી.

કચ્છમિત્ર
તા. ૧૫-૦૨-૨૦૧૭